| PUBLICATION NAME : | Divya Bhaskar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 02/05/2023 |
| PAGE : | 3 |

# ઈડીઆઈમાં 7 મેથી 1 જૂન સુધી સમર કેમ્પ યોજાશે

**અમદાવાદ** । આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ)એ શૈક્ષણિક વર્ષ 2023 માટે 7 મેથી 12 મે અને 27 મેથી 1 જૂન સુધી યુવાનો અને બાળકોના રાષ્ટ્રીય નિવાસી સમર કેમ્પની જાહેરાત કરી છે. કેમ્પનું આયોજન 12થી 16 વર્ષની વયજૂથના સગીરો અને 16થી 22 વર્ષના યુવાનો માટે કરાયું છે. શિબિરનો હેતુ બાળકો અને યુવાનોમાં વિજેતાઓના કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો, ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટેનો છે. શિબિરમાં ભાગ લેવા ઈડીઆઈનો સંપર્ક કરવાનો રહેશે.